મુંબઇ જેલ મેન્યુઅલ,૧૯૫૯ના નિયમ-૪૯૨માં કરવામાં આવેલ જોગવાઇનું પાલન કરવા બાબત.

-૧૨૩-

# ગુજરાત સરકાર
## ગૃહ વિભાગ
## પરિપત્ર ક્રમાંકઃજલક-૧૧૨૦૦૯-રા.ક.મં.૧૫-જ
## સચિવાલય, ગાંધીનગર.
## તારીખઃ૦૮/૦૨/૨૦૧૧

સંદર્ભઃ(૧) ગૃહ વિભાગનો તા.૨૫/૯/૭૨નો પરિપત્ર ક્રમાંકઃમકમ/૧૧૭૨/૨૧૬૯/જ
(૨) ગૃહ વિભાગનો તા.૧૦/૧૧/૨૦૦૪નો પત્ર ક્રમાંકઃમકમ/૧૧૭૨/૨૧૬૯/જ(પાર્ટ-૧)
(3) અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદનો તા.૪/૧૧/૨૦૧૦નો પરિપત્ર ક્રમાંકઃસપલ/૧/૧૬૦૭/૨૦૧૦

:પરિપત્રઃ

મુંબઇ જેલ મેન્યુઅલ, ૧૯૫૯ના નિયમ-૪૯૨ તેમજ સંદર્ભ ક્રમાંકઃ(૧)માં દર્શાવેલ પરિપત્રની જોગવાઇ અનુસાર જેલની મુખ્ય દિવાલથી ૨૨૦ વારની મર્યાદામાં કોઇપણ પ્રકારનું બાંધકામ જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રીના **'ના વાંધા પ્રમાણપત્ર'** મેળવ્યા બાદ જ કરી શકાય છે. આ જોગવાઇ અમલમાં હોવા છતાં બાંધકામની મંજૂરી આપતા સંબંધિત સત્તાધિકારીશ્રીઓ તરફથી જેલ ખાતાનું **'ના વાંધા પ્રમાણપત્ર'** મેળવ્યા સિવાય જેલની મુખ્ય દિવાલથી ૨૨૦ વારની મર્યાદામાં બાંધકામ કરવાની પરવાનગી આપવામાં આવેલ હોવાનું ધ્યાનમાં આવેલ છે. સંબંધિત સત્તાધિકારીઓ દ્વારા ઉકત જોગવાઇ ધ્યાને લીધા સિવાય બાંધકામની પરવાનગી આપેલ હોવાને કારણે નામદાર હાઇકોર્ટમાં દાખલ થયેલ LPA No.૧૬૧૨/૨૦૦૯ ઇન Spl. Civil Application No.૪૬૮૯/૨૦૦૯ અંગેના કોર્ટ કેસને કારણે સરકાર કક્ષાએ સર્વગ્રાહી **(Comprehensive)** નિર્ણય લેવાની જરૂરિયાત ઉભી થયેલ છે.

૨. **મુંબઇ જેલ મેન્યુઅલના નિયમ-૪૯૨**ની જોગવાઇ તેમજ **The Gujarat Town Planning and Urban Development Act,** ૧૯૭૬ની જોગવાઇ હેઠળના **ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન** હેઠળની જોગવાઇ તેમજ આ વિભાગે બહાર પાડેલ વખતોવખતની સૂચનાઓ અમલમાં હોવા છતાં સંબંધિત સત્તાધિકારીઓ દ્વારા જેલ ખાતાના પરામર્શ સિવાય બાંધકામની પરવાનગી આપેલ હોવાથી જેલની શિસ્ત અને સલામતીને વિપરિત અસર થાય છે. આથી, જેલોની શિસ્ત અને સલામતીને વધુ સુદ્દઢ બનાવવા તેમજ ઉકત જોગવાઇઓનો વાસ્તવિક અમલ કરવાના હેતુથી **રાજયની જેલોની મુખ્ય દિવાલથી ૨૨૦ વારની મર્યાદામાં બાંધકામની મંજૂરી સંદર્ભમાં સંબંધિત સત્તાધિકારીઓએ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશનની જોગવાઇ મુજબ તેમજ મુંબઇ જેલ મેન્યુઅલની જોગવાઇ મુજબ જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદનો પરામર્શ કરીને મંજૂરી મેળવ્યા બાદ જ તે અંગેની કાર્યવાહી અચૂકપણે થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.** આ સૂચનાઓનું ઉલ્લંઘન કરનાર સંબંધિત સત્તાધિકારી સામે સક્ષમ સત્તાધિકારીએ જરૂરી શિસ્તવિષયક કાર્યવાહી પણ કરવાની રહેશે.

૩. સંબંધિત જેલ અધિક્ષકશ્રીઓએ ઉકત જોગવાઇનું અચૂક પાલન થાય તેની ખાસ તકેદારી રાખવા તેમજ જેલની મુખ્ય દિવાલથી ૨૨૦ વારની મર્યાદામાં બાંધકામ અંગેની બાબતે સંબંધિત સત્તાધિકારીશ્રીઓનો તાત્કાલિક પરામર્શ કરીને તે બાંધકામ અટકાવવાની કાર્યવાહી કરવા પણ આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એન. પટેલ)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ

- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
- કમિશનરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર, જુનાગઢ, ગાંધીનગર.
- સર્વે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓ,
- નિયામકશ્રી, નગરપાલિકા, ગુજરાત રાજય, ગાંધીનગર.- તમામ ચીફઓફીસરશ્રીઓના ધ્યાને લાવવાની વિનંતી સહ,
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, - તેમના હસ્તકની તમામ પંચાયતોના ધ્યાને લાવવાની વિનંતી સહ
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, શહેરી વિકાસ સત્તા મંડળ, અમદાવાદ, સુરત, વડોદારા, રાજકોટ, ગાંધીનગર, જામનગર, ભાવનગર, જુનાગઢ
- ચીફ ટાઉન પ્લાનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- જેલ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રીઓ મધ્યસ્થ જેલ, અમદાવાદ, વડોદરા,
- જેલ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રીઓ, ખાસ જેલ, પોરબંદર, પાલારા(ભૂજ)
- જેલ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રીઓ, જિલ્લા જેલ રાજકોટ, સુરત, જુનાગઢ, જામનગર, ભાવનગર, નડિયાદ, મહેસાણ, પાલનપુર,
- જેલ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રીઓ, સબ જેલ, અમરેલી, ગોધરા, ભરૂચ, હિંમતનગર, મોડાસા, સુરેન્દ્રનગર, નવસારી, રાજપીપળા, છોટાઉદેપુર, મોરબી, ગોંડલ
- આર્ચાયશ્રી, જેલ સ્ટાફ તાલીમ શાળા, અમદાવાદ.
- સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
- શાખા સિલેકટ ફાઇલ